# જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, પોરબંદર જિલ્લો, પોરબંદર

## ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે જાહેરનામું

નં.એમએજી/સી/૩૭૧/૨૬૩–૨/૨૦૨૧ તા૨૬/૦૩/૨૦૨૧

## –જાહેરનામું–

પોરબંદર જિલ્લામાં લોકોની સલામતી જળવાઈ રહે અને અસામાજિક તત્વો ધ્વારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ તા.૨૫/૦૩/૨૦૨૧ ના રોજ દરખાસ્ત કરેલ છે.

સબબ પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું **રાજેશ એમ.તન્ના, આઈ.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં **તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૨૯/૦૪/૨૦૨૧** સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજ લઈ જવી નહિ.

૨. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા કે સળગાવવા નહી.

૬. લોકોએ બૂમો પાડવી નહી, વધુ અવાજથી ગીતો ગાવા નહી તથા વાધ વગાડવા નહિ.

૭. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

### ➜ આ હૂકમ નીચેની વ્યકિતઓને તેમાં દર્શાવ્યા પુરતી બાબતો માટે લાગુ પડશે નહિ. :–

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય તેવી વ્યકિતઓને હથિયાર લઈ જવાની બાબત માટે.

૨. પોલીસ અધિક્ષકશ્રીએ શારિરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને લાકડી લઈ જવાની કે શુભહેતુથી ધંધો કરવાની બાબત માટે.

૩. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતોને ખેતીના ઓજારો લઈ જવાની બાબત માટે.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી.કલમ–૧૮૮ તળે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ ૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડસંહિતાની કલમ – ૧૮૮ મુજબ જે તે વ્યકિતઓનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂ. ૨૦૦/– નો દંડ અગર તો બંને થઈ શકે છે. આ હૂકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હૂલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિત ૬(છ) માસની સપરિશ્રમ અથવા સખ્ત કેદ અથવા રૂ.૧૦૦૦/– એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. /૦૪/૨૦૨૧ મારી સહી તથા કચેરીનો સિકકો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યુ.

(રાજેશ એમ.તન્ના)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પોરબંદર

**નકલ રવાના :–**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર
– જાહેરનામાની વધારાની નકલ આ સાથે સામેલ છે. તો આપના તાબાના તમામ પોલીસ સ્ટેશનમાં મોકલી આપવા તથા બહોળી પ્રસિધ્ધ કરવા તથા પ્રસિધ્ધિનો દાખલો ફાઈલે રાખવા વિનંતી છે. અને આ અંગે થાણા અમલદારોને સૂચના આપવા વિનંતી.
(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર – જાણ તથા પ્રસિધ્ધિ સારૂ.
(૩) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર ગ્રામ્ય/શહેર – જાણ તથા પ્રસિધ્ધિ સારૂ.
(૪) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પોરબંદર, કુતિયાણા – જાણ તથા પ્રસિધ્ધિ સારૂ.
(૫) એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોરબંદર(શહેર/ગ્રામ્ય)/રાણાવાવ/કુતિયાણા – જાણ તથા પ્રસિધ્ધિ સારૂ.
(૬) સહાયક માહિતિ નિયામકશ્રી, માહિતિ ખાતું, પોરબંદર
–જાહેરનામાની નકલ આ સાથે સામેલ છે તો દૈનિક વર્તમાનપત્રોમાં પ્રેસનોટ તરીકે વિનામૂલ્યે પ્રસિધ્ધિ અર્થે
(૭) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ
–જાહેરનામાની ટાઈપ નકલ આ સાથે સામેલ છે. તો તેને ગુજરાત રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ તથા તેની નકલ તુરતજ આ કચેરીના રેકર્ડ માટે મોકલવા સારૂ.
(૮) નાયબ પોલીસ મહાનિરિક્ષકશ્રી, જુનાગઢ
(૯) આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર
(૧૦) કચેરીની વહીવટી શાખા તરફ.